# વિદેશ મંત્રી, ડૉ. એસ. જયશંકરની સિંગાપોર પ્રજાસત્તાકની મુલાકાત (માર્ચ 23-25, 2024)

25 માર્ચ, 2024

વિદેશ મંત્રી (EAM), ડૉ. એસ. જયશંકરે સિંગાપોર, ફિલિપાઇન્સ અને મલેશિયાની તેમની મુલાકાતના પ્રથમ ચરણ તરીકે 23-25 માર્ચ 2024 દરમિયાન સિંગાપોરની સત્તાવાર મુલાકાત લીધી હતી. EAM એ કેબિનેટના નેતૃત્વ અને વરિષ્ઠ મંત્રીઓ સાથે અનેક દ્વિપક્ષીય જોડાણો કર્યા હતા. તેમણે સિંગાપોરના વડા પ્રધાન મહામહિમ શ્રી લી સિએન લૂંગ સાથે મુલાકાત કરી અને નાયબ વડા પ્રધાન અને નાણાં પ્રધાન મહામહિમ શ્રી લોરેન્સ વોંગ સાથે મુલાકાત કરી. તેમણે ફિનટેક, ડિજીટલાઇઝેશન, ગ્રીન ઇકોનોમી, કૌશલ્ય વિકાસ અને ખાદ્ય સુરક્ષા સહિત આપના સહયોગના જાણીતા સ્તંભોમાં જોડાણને વધુ ગાઢ બનાવવા બાબતે પોતાના મંતવ્યોનું આદાનપ્રદાન કર્યું. EAM એ રાષ્ટ્રીય સુરક્ષાના વરિષ્ઠ મંત્રી અને સંકલન મંત્રી મહામહિમ શ્રી ટીઓ ચી હેન સાથે પણ મુલાકાત કરી.

2. EAM એ પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર મહામહિમ શ્રી વિવિયન બાલક્રિષ્નન, વિદેશ મંત્રી સાથે વ્યાપક ચર્ચા કરી. EAM એ વેપાર અને ઉદ્યોગ મંત્રી મહામહિમ શ્રી ગાન કિમ યોંગ સાથે પણ ફળદાયી બેઠક કરી હતી, જેમાં વેપાર અને રોકાણ, ગ્રીન એનર્જી અને ખાદ્ય સુરક્ષામાં દ્વિપક્ષીય સહકાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેઓ આપણી દ્વિપક્ષીય ભાગીદારીને મજબૂત કરવા અંગે વિચારોનું આદાન-પ્રદાન કરવા ગૃહ મંત્રાલય અને કાયદા મંત્રી શ્રી કે શનમુગમને પણ મળ્યા હતા.

3. EAM એ સિંગાપોરમાં INA ખાતે નેતાજી સુભાષ ચંદ્ર બોઝને શ્રદ્ધાંજલિ આપી. તેઓ ભારતીય સમુદાયના સભ્યોને મળ્યા અને તેમની સાથે વાતચીત કરી. તેમણે ભારતીય સમુદાયના સભ્યો દ્વારા બનાવવામાં આવેલ 'નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ગાથા' પર એક નાનો વીડિયો પણ જોયો હતો. EAM એ ISAS (ઇન્સ્ટિટ્યુટ ઑફ સાઉથ એશિયન સ્ટડીઝ) દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં પણ હાજરી આપી હતી, જ્યાં તેમણે થિંકટેન્ક અને નીતિના ઘડવૈયાઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.

4. આ મુલાકાતે ભારત અને સિંગાપોર વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની અને સહકારના અનેક ક્ષેત્રોમાં પ્રગતિની સમીક્ષા કરવાની તક રજૂ કરી. વર્તમાનમાં સિંગાપોર ASEAN ખાતે ભારત માટે કન્ટ્રી કોઓર્ડિનેટર પણ છે અને તેને 2023 માં G20 ના ભારતના પ્રમુખપદ દરમિયાન ગેસ્ટ કન્ટ્રી તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

**સિંગાપોર**
**25 માર્ચ, 2024**